જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૨/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૭૮/૧૮

રામોલ પોલીસ સ્ટેશનઃ

અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી મો.સા ચોરી કરતા બે કાયદાના સંઘર્ષ મા આવેલ કીશોરો ને બે ચોરીના મો.સા સાથે પકડ્યા

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.ક.શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજમ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા:-૦૭/૧૨/૨૦૧૮ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા પો.સ.ઈ એ.ઓ.ભરવાડ તથા સ્ટાફના માણસો તથા "આઈ" ડીવીઝન સ્કોડ ના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો ચેતનભાઈ રણછોડભાઈ તથા "આઈ" ડીવીઝન સ્કોડના પો.કો વિજયભાઈ અજમલભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે સુરેલીયા સર્કલ ચાર રસ્તા ખાતે બે કાયદાના સંઘર્ષમા આવેલ કીશોરોને અલગ અલગ બે સ્પેલન્ડર મો.સા સાથે પકડી પુછપરછ દરમ્યાન મો.સા નં. GJ.01.JS.5740 નુ ગઈ તા:૦૫/૧૨/૧૮ ના રોજ સાંજના ચારેક વાગ્યાના અરસામા ઓધવ વિસ્તાર માંથી તેમજ નંબર વગરનુ મો.સા દોઢેક મહીના પહેલા સાણંદ ખાતેથી ચોરી કરેલ હોવાનુ જણાવતા સદરી બાબતે ઓઢવ પો.સ્ટેશન ખાતે ફ.ગુર.નં.૨૪૦/૧૮ ઈપીકો કલમ ૩૭૯ મુજબ ગુનો દાખલ થયેલ સદર ગુનાના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ કબજે કરી બન્ને કીશોરો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ ઘરફોડ ચોરીના આરોપીઓ પાસેથી માતબર રકમનો મુદામાલ રીકવર કરતી તથા અન્ય રાજ્યોના ગુનાઓનો ભેદ ઉકેલતી સોલા હાઈકોર્ટ પોલીસ.**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ફ્સ્ટ ગુ.ર.નં-૩૧૩/૨૦૧૮ ઈપીકો કલમ ૪૫૪, ૩૮૦, ૧૧૪ મુજબના કામે અટક કરેલ આરોપીઓ (૧) સતપાલસીંગ ઉર્ફે ફોજી સ.ઓ. ઓમપાલસીંગ ચૌહાણ (રાજપુત) ઉ.વ. ૩૮ રહે. ગામ- કાસન, બાબા પુર્ણમન મંદિર સામે થાના-માનેસર તહેસીલ માનેસર જી.ગુડગાઁવ હરીયાણા તથા (૨) સોમવીરસીંગ ઉર્ફે સોનું સ.ઓ. મુલસીંગ તંવર (રાજપુત) ઉ.વ. ૩૮ રહે. ગામ- ખેડી તલવાના તા.થાના- કનીના જી. મહેન્દ્રગઢ હરીયાણા તથા (૩) પરમેન્દર ઉર્ફે ધોળીયા સ.ઓ. રમેશસીંગ તંવર (રાજપુત) ઉ.વ. ૨૫ રહે. ગામ-ભાનગઢ, મદનસીંગ ચોક, તા.થાના.જી-ભીવાની, હરીયાણા નાઓને તા.૦૧/૧૨/૨૦૧૮ ના કલાક: ૨૦/૦૦ વાગે અટક કરી પોલીસ કસ્ટડી રીમાન્ડ ઉપર મેળવી સદરી આરોપીઓની યુક્તી-પ્રયુક્તીથી સઘન પુછપરછ તપાસ કરતા આરોપીઓએ અત્રેના પોલીસ સ્ટેશન ખાતેથી ચોરી કરેલ મુદામાલ પૈકી રૂ.૪,૭૭,૫૦૦/- આરોપી નં-૩ ના રહેણાંક મકાન હરીયાણા ખાતે છુપાવી રાખેલ હોય સદરી આરોપીના રહેણાંક મકાનેથી પો.સ.ઇ ડી.આર.ગઢવી નાઓની આગેવાની હેઠળ પોલીસ ટીમ મોકલી ઉપરોક્ત ચોરીના રૂ.૪,૭૭,૫૦૦/- રીકવર કરવામા આવેલ છે તેમજ અમોએ તથા પો.સ.ઇ ડી.આર.ગઢવી સર્વે સ્કોડ નાઓની આગવી પુછપરછ તપાસ દરમ્યાન આરોપીઓએ નીચે મુજબના ગુનાઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) ઓક્ટોબર ૨૦૧૭ ના રોજ આંધ્રપ્રદેશ વિજયવાડા શહેરમાં પટમટા વિસ્તારમાં એક બંધ એપા.માં હુ તથા પરમેન્દ્ર તથા પ્રિતપાલ રહે.હરીયાણા નાઓએ ચોરી કરેલ જેમાં રોકડ નાણા તથા સોના-ચાંદીના દાગીનાઓની ચોરી કરેલ હતી જે પૈસા અમોએ અંદરો અંદર વેચા દીધેલ હતા તેમજ સોના-ચાંદીના દાગીના આંધ્રપ્રદેશ ખાતે એક સોનીને ત્યાં વેચી મારેલ હતી.
(૨) ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ આંધ્રપ્રદેશ વિજયવાડા શહેરમાં પટમટા વિસ્તારમાં એક બંધ ફ્લેટમાં હુ તથા પરમેન્દ્ર તથા પ્રિતપાલ નાઓએ ચોરી કરેલ જેમાં રોકડ નાણા તથા સોના-ચાંદીના દાગીનાઓની ચોરી કરેલ જે દાગીના રાજુ સુનારને ત્યાં વેચી દીધેલ.
(૩) માર્ચ ૨૦૧૮ ના રોજ આંધ્રપ્રદેશ વિજયવાડા શહેરમાં પટમટા વિસ્તારમાં હાઈવે નજીક આવેલ એક કોલોનીમાં બંધ મકાનમાં બે જગ્યાએ મે તથા પરમેન્દ્ર તથા પ્રિતપાલ નાઓ ચોરી કરેલ જેમાં રોકડ નાણા તથા સોના-ચાંદીના દાગીનાઓની ચોરી કરેલ જે દાગીના રાજુ સુનારને ત્યાં વેચી દીધેલ.
(૪) એપ્રિલ ૨૦૧૮ ના રોજ આંધ્રપ્રદેશ વિજયવાડા શહેરમાં પવાનીપુરમ, ગોલ્લપુડી વિસ્તારમાં એક બંધ મકાનમાં મે તથા પરમેન્દ્ર તથા પ્રિતપાલ નાઓ ફ્લેટના ચોરી કરેલ જેમાં રોકડ નાણા તથા સોના-ચાંદીના દાગીનાઓ હતા જે દાગીના રાજુ સુનારને ત્યાં વેચી દીધેલ.
(૫) એપ્રિલ ૨૦૧૮ ના રોજ આંધ્રપ્રદેશ વિજયવાડા શહેરમાં ક્રિષ્લંકા વૃંદાવન કોલોનીમા એક બંધ મકાનમા તથા વિજયવાડા ઈન્દીરાગાંધી સ્ટેડીયમની પાછળ આવેલ એક બંધ મકાનમાથી તથા વિજયવાડા હૈદરાવાદ

નેશનલ હાઈવે ઈબ્રાહીમ પટનમ વિસ્તારમા આવેલ એક બંધ મકાનમાથી મે તથા પરમેન્દ્ર તથા પ્રિતપાલ નાઓ ચોરી કરેલ જેમાં રોકડ નાણા તથા સોના-ચાંદીના દાગીનાઓ હતા જે દાગીના રાજુ સુનારને ત્યાં વેચી દીધેલ.
(૬) તા.૩૦/૭/૧૮ ના રોજ પણ મોડાસા સાબરકાંઠા ગુજરાત ખાતે ચોરી કરેલ હતી.

ઉપરોક્ત આરોપીઓની કબુલાત બાબતે તપાસ કરતા આરોપીઓએ આંધ્રપ્રદેશ વિજયવાડા શહેર ખાતે આવેલ પટામટા પોલીસ સ્ટેશન ખાતે (૧) ફસ્ટ ગુ.ર.નં-૭૪૯/૨૦૧૭ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ (૨) ફસ્ટ ગુ.ર.નં-૧૦૨/૨૦૧૮ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ (૩) ફસ્ટ ગુ.ર.નં-૧૪૭/૨૦૧૮ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ (૪) ફસ્ટ ગુ.ર.નં-૧૪૮/૨૦૧૮ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ તથા ભવાનીપુરમ પોલીસ સ્ટેશન ખાતે (૧) ફસ્ટ ગુ.ર.નં-૨૪૩/૨૦૧૮ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ મુજબ તથા ક્રિષ્ણાલંકા પોલીસ સ્ટેશન ખાતે (૧) ફસ્ટ ગુ.ર.નં-૨૫૪/૨૦૧૮ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ તથા મચાવરમ પોલીસ સ્ટેશન ખાતે (૧) ફસ્ટ ગુ.ર.નં-૨૦૮/૨૦૧૮ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ તથા આઈ.બી.આર હીમપત્નમ પોલીસ સ્ટેશન ખાતે (૧) ફસ્ટ ગુ.ર.નં-૨૧૨/૨૦૧૮ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ મુજબ તથા સાબરકાંઠા મોડાસા પોલીસ સ્ટેશન ખાતે (૧) ફસ્ટ ગુ.ર.નં-૫૬/૨૦૧૮ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦, ૫૧૧ મુજબના ગુના દાખલ થયેલ છે જે બાબતે જે તે પોલીસ સ્ટેશન ખાતેથી આરોપીઓને મેળવી લેવા કાર્યવાહી કરવામા આવેલ છે આમ ઉપરોક્ત આરોપીઓ પાસેથી રૂ.૪,૭૭,૫૦૦/- ના મુદામાલની રીકવરી તથા ઉપરોક્ત ૯ ગુનાઓ સોધી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઈકોર્ટ પોલીસ.

## રામોલ પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક:- (૧) પીસીબી/ડીટીએન/૧૧૭૫/૨૦૧૮ તા.૦૭/૧૨/૨૦૧૮ આધારે દિપક રામવીર રાઠોડ ઉ.વ.૨૧ રહે.મ.નં.૪ મહાવકસની લાઇન કુંભાજીની ચાલી મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓના વિરૂધ્ધમા દાખલ થયેલ પ્રોહીબીશનના ગુન્હામા સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોઇ આરોપીને તા.૦૭/૧૨/૨૦૧૮ ના ક.૨૧/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી ભુજ જેલ ખાતે પાસા તળે અટકાયતમા રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તથા નં.(૨) પીસીબી/ડીટીએન/૧૧૭૬/૨૦૧૮ તા.૦૭/૧૨/૨૦૧૮ આધારે કિરીટભાઇ દિનેશભાઇ લોધા ઉ.વ.૩૦ રહે.મ.નં.૧૦૧ રૂપાપરી દરિયાપુર ટાવરની પાછળ અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમા દાખલ થયેલ પ્રોહીબીશનના ગુન્હામા સદરીઓ વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોઇ આરોપીને તા.૦૭/૧૨/૨૦૧૮ ના ક.૨૧/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી રાજકોટ જેલ ખાતે પાસા તળે અટકાયતમા રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે

## સાબરમતી પોલીસ સ્ટેશન :

# પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશીદારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે (1) મોહીત સ/ઓ સંજયભાઇ ધીરૂભાઇ ભાવસાર ઉવ-૨૯ ધંધો-રિક્ષા ડ્રાઇવિંગ રહે મનં-ડી/૧૬ પ્રાથના એવન્યુ રઘુવિર સ્કુલની બાજુમાં ગોપાલ ચોક નવા નરોડા અમદાવાદ શહેર (2) ચેતન સ/ઓ ચંદુભાઇ મફતાજી ઠાકોર ઉવ-૧૯ ધંધો-નોકરી રહે નવા વાડજ ઠાકોર વાસ શાક માર્કેટ પાસે નવા વાડજ અમદાવાદ શહેર તથા (3) ભરતભાઇ અંબાલાલ ઠાકોર ઉવ-૪૫ ધંધો-છુટક મજુરીકામ રહે મનં-૨૮, સરસ્વતીનગર વિભાગ-૪ ગાયત્રીનગર ન્યુ રાણીપ અમદાવાદ શહેર મુળ વતના ગામ નદીસારા તા.વિરમગામ જિલ્લો અમદાવાદ નાઓ વિરૂધ્ધ દેશીદારૂના કેસ શોધી કાઢી સદરી આરોપીઓને આવી પ્રવુતી પ્રોહી કલમ-93 કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીઓને પાસા અટકાયતમા લેવા (1) ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા /૧૧૭૨/૨૦૧૮ તા:૦૭/૧૨/૨૦૧૮ ના હુકમ આધારે પાસા અટકાયતી મોહીત સ/ઓ સંજયભાઇ ધીરૂભાઇ ભાવસાર ઉવ-૨૯ ધંધો-રિક્ષા ડ્રાઇવિંગ રહે મનં-ડી/૧૬ પ્રાથના એવન્યુ રઘુવિર સ્કુલની બાજુમાં ગોપાલ ચોક નવા નરોડા અમદાવાદ શહેર નાને આજરોજ તા-૦૭/૧૨/૨૦૧૮ ના ક.૨૧/૦૫ વાગે પાસા હુકમની બજવણી કરી ડીટેન કરી સદરી પાસા અટકાયતીઓને જરૂરી જાપ્તા સાથે પાસા અટકાયતીને ખાસ જેલ પાલારા ભુજ ખાતે (2) ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૧૭૩/૨૦૧૮ તા:૦૭/૧૨/૨૦૧૮ ના હુકમ આધારે પાસા અટકાયતી ચેતન સ/ઓ ચંદુભાઇ મફતાજી ઠાકોર ઉવ-૧૯ ધંધો-નોકરી રહે નવા વાડજ ઠાકોર વાસ શાક માર્કેટ પાસે નવા વાડજ અમદાવાદ શહેર નાને આજરોજ તા-૦૭/૧૨/૨૦૧૮ ના ક.૨૧/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી ડીટેન કરી સદરી પાસા અટકાયતીઓને જરૂરી જાપ્તા સાથે પાસા અટકાયતીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે તેમજ (3) ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૧૭૪/૨૦૧૮ તા:૦૭/૧૨/૨૦૧૮ ના હુકમ આધારે પાસા અટકાયતી ભરતભાઇ અંબાલાલ ઠાકોર ઉવ-૪૫ ધંધો-છુટક મજુરીકામ રહે મનં-૨૮, સરસ્વતીનગર વિભાગ-૪ ગાયત્રીનગર ન્યુ રાણીપ અમદાવાદ શહેર નાને આજરોજ તા-૦૭/૧૨/૨૦૧૮ ના ક.૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી ડીટેન કરી સદરી પાસા અટકાયતીઓને જરૂરી જાપ્તા સાથે પાસા અટકાયતીને મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપેલ છે.

**રખિયાલ પોલીસ સ્ટેશન :**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબનાઓના હુકમ આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૫ અને મદદનીશ પો.કમી શ્રી "એચ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તથા રખિયાલ પોલીસ સ્ટેશન પોલીસ ઇંસ્પેકટર શ્રી એમ.પી.પઠાણ સાહેબ નાઓની સુચના આધારે નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઇવ દરમ્યાન સર્વેલન્સ પો.સ.ઇ.પી.જે.ખરસાણ તથા સ્ટાફના માણસોએ અત્રેના રખિયાલ પો.સ્ટે. વિસ્તારમા રહેતા ઇસમ નામે ઇરફાન ઉર્ફે મામુ સ/ઓ અહેમદભાઇ શેખ ઉ.વ.૪૧ રહે.૧૦,કાસમ છીપાની ચાલી મોનોગ્રામ મિલ પાછળ રખિયાલ અમદાવાદ નાનો રખિયાલ પો.સ્ટે. સે.ગુ.ર.નં.૩૨૪૩/૧૮ ધી જુગારધારા કલમ ૧૨(અ) વિગેરેના કામે તથા રખિયાલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૭૪/૧૮ ઇપીકો કલમ ૩૨૪,૨૯૪(ખ) મુજબના ગુનાના કામે લાંબા સમયથી પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો ફરતો હોય સદરી આરોપીને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે

**નરોડા પોલીસ સ્ટેશન :**

**નરોડા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી નરોડા પોલીસ**

ઉપરી અધીકારીશ્રીઓ તરફથી હાલમા નાસતા ફરતા આરોપીઓ પકડવા સારૂ ડ્રાઇવ રાખવામા આવેલ હોય જે ડ્રાઇવ અનુસંધાને અમો સર્વેલન્સ સ્કવોડના એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા આરોપીઓને શોધવાની કામગીરીમા હતા દરમ્યાન નરોડા પાટીયા પાસે મહાજનીયાવાસ ખાતે આવતા સાથેના પો.કોન્સ પ્રદિપભાઇ રામાભાઇ નાઓની બાતમી હકીકત આધારે નરોડા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં-૫૩૮૨/૧૭ પ્રોહી કલમ ૬૫એએ,૮૧ મુજબના ગુન્હાના કામના નાસતા ફરતા આરોપી રાજેશ ઉર્ફે રાજુ હઠીસીંગ પરમાર ઉ.વ-૫૭ રહે મહાજનીયાવાસ, મંગલમ પ્રોવીઝન સ્ટોર્સની બાજુની ગલીમા,સરદારનગર,અમદાવાદ નાને તા-૦૮/૧૨/૧૮ ના કલાક ૦૦/૩૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે. તા-૦૮/૧૨/૨૦૧૮

# બાપુનગર પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડ દ્વારા ગણતરીના કલાકોમાં ઘરફોડ ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે બે આરોપીઓ પકડી પાડી કરેલ સરાહનીય કામગીરીની પ્રેસનોટ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ નાસ્તા-ફરતા આરોપીઓ તથા પો.સ્ટે.માં ચાલુ વર્ષે દાખલ મિલ્કત સબંધી ગુનાઓ શોંધવા સારૂ આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝનનાઓ તરફથી મળેલ સુચના આધારે આજરોજ અત્રેના <u>બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૩૦/૨૦૧૮ ઇપીકો કલમ ૪૫૪ ૪૫૭ ૩૮૦ મુજબ</u>નો ગુનાના આરોપી-મુદ્દામાલ શોધી કાઢવા સારૂ પો.ઇન્સ. શ્રી એચ.બી.ચૌધરી સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. કે.પી.તરેટીયા તથા સર્વેલન્સ સ્કોર્ડના માણસો સાથે મળી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના લો.ર. કૌશીકસિંહ અરશીભાઇ તથા લો.ર. સિધ્ધરાજસિંહ ગજેન્દ્રસિંહનાઓની સંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે ઉપરોકત ગુનાનો આરોપીઓ (૧) હસરતઅલી @ લલ્લો અકબરઅલી સૈયદ ઉવ ૨૦ રહે. ઉસ્માની મસ્જીદની ચાલી, બીબી તળાવ પાસે વટવા અમદાવાદ શહેર તથા (૨) શૈફઆલમ મુસ્તગીરઅહેમદ અંસારી ઉવ ૧૯ રહે. રૂબીની ચાલી કલંદરી મસ્જીદ પાસે રખિયાલ અમદાવાદ શહેરનાઓને સદરી ગુનાનાનો સોના-ચાદીના દાગીના કુલ્લે ૬૬,૨૫૦/- ની સાથે આજરોજ તા.૦૮/૧૨/૧૮ ના કલાક ૦૨/૦૦ વાગે પકડી અટક કરી અત્રેના પો.સ્ટે.નો અનડીટેકટ ગુનો શોધી કાઢી આગળની તપાસ હાથ ધરેલ છે. તા.૦૮/૧૨/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.